# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ. પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

એસજીજીયુ/પરીક્ષા/૨૦૧૯/ તા. ૧૨/૦૬/૨૦૧૯

સંદર્ભ:- આ યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક ૮૩૯ તારીખ ૩૧/૦૫/૨૦૧૯

પરિપત્ર:- ૮૪૯

શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાનાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કોલેજ તથા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ / પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, ઉપરોક્ત સંદર્ભ દર્શિત પરિપત્ર મુજબ જે વિદ્યાર્થીઓ પોતાનું પ્રોવિઝનલ ડીગ્રી સર્ટીફિકેટ મેળવવા માંગતા હોય તે અંગેની અરજી કરવા અંગે વિગતવાર માહિતી આપવામાં આવેલ ઉપરોક્ત સંદર્ભ પત્ર અન્વયે વિશેષમાં ધ્યાન દોરવાનું કે યુનિવર્સિટી ખાતે ધ્યાનમાં આવેલ છે કે અરજી કરનાર તમામ વિદ્યાર્થીઓ ફાઈનલ ડીગ્રી મેળવવાની આશાએ પ્રોવિઝનલ ડીગ્રીનાં ફોર્મ ભરી અને યુનિવર્સિટી ખાતે જમા કરાવી રહ્યા છે. પરિપત્ર ૮૩૯માં નિર્દિષ્ટ અરજી પત્રક માત્ર અને માત્ર પ્રોવિઝનલ ડીગ્રી મેળવવા માટેનું જ છે અને તેની માન્યતા ફાઈનલ ડીગ્રી મળે ત્યાં સુધીની જ છે. યુનિવર્સિટી દ્વારા આગામી સમયમાં ફાઈનલ ડીગ્રી સર્ટીફિકેટ મેળવવા અંગેની વિગતવાર માહિતી પ્રસિદ્ધ કરવામાં આવશે. ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લઇ આપની કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવા અને જો જરૂર જણાય તો જ પ્રોવિઝનલ ડીગ્રી સર્ટીફિકેટ મેળવવા માટે અરજી કરે તેવી સુચના આપવા વિનંતી જેથી કરીને વિદ્યાર્થીનાં બહુમુલ્ય સમય અને નાણાનો વ્યય થતો બચાવી શકાય.

ઇ/ચા. કુલસચિવ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાનાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કોલેજ તથા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ / પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

Scanned by CamScanner